જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૮/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૩૧૯ લીટર દેશી દારૂ, ૨૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૮૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૩૧ બિયર ટીન અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૪૮,૧૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૪૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૪૧/૨૦૨૫**

નવરંગપુરાઃ દર્શીતભાઇ સ/ઓ કૌશીકકુમાર શાહ (ઉ.વ.૪૦) (રહે. પ્રતિષ્ઠા–૭૨, આલોક રોડ નારણપુરા) એ તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સ્વસ્તીક સોસાયટી એચ.કે.એવન્યુમાં આવેલ "એચ.કે આચાર્ય એન્ડ કંપની ખાતે આરોપી મયુર શિરોયા (રહે. ખુશી આર્કેડ ખોડીયાર માતાના મંદિર નજીક નિકોલ) એ દર્શીતભાઇ શાહ પાસેથી અમદાવાદ શહેર થી પુના તથા ઇમેજીકા ખાતેના રેલવે ટીકીટ, હોટલ બુકિંગ અને ઇમેજીકાના ટીકીટનું બુકિંગ તથા ઇન્ટરનલ અવર–જવર માટે બસનું બુકિંગ તમામ મળી ડીપોઝીટ પેટે રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– મેળવી લઈ દર્શીતભાઇ શાહ નાઓને ટુર માટેની રેલવે ટીકીટ, હોટલ બુકિંગ અને ઇમેજીકાના ટીકીટનું બુકિંગ તથા ઇન્ટરનલ અવર–જવર માટે બસનું બુકિંગ નહી કરાવી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ કમલેશકુમાર ઘનશ્યામભાઇ ભોજવાણી (ઉ.વ.૪૪) (રહે. શરણમ એન્ટીલીયા ડુન સ્કુલ સામે ન્યુ મણીનગર રામોલ) એ તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૫૦૭૯૩૪૩૭૨, ૯૭૯૪૦૧૩૪૮૦, ૮૦૫૬૫૦૭૯૦૫ ના ધારકો તથા IIFL Capital Services Ltd (IE13) ના અન્ય વોટ્સએપ ગ્રુપ એડમિન નાઓએ ભેગા મળી કમલેશકુમાર ભોજવાણી નાઓને સાથે મોબાઈલ ફોનમાં વાતચીત કરી નફાની લાલચ આપી વધુ પ્રોફિટ કરાવવા અને બીજા અન્ય ટેક્સ આપવો પડશે નહી તેમ કહી વિશ્વાસમાં લઈ કમલેશકુમાર ભોજવાણી પાસેથી કુલ રૂપિયા ૨૪,૬૮,૦૦૦/– રોકાણ કરાવી મેળવી લઈ ભરેલ રકમ પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.એસ.ખોખર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૧૪૨/૨૦૨૫**

ઈસનપુરઃ કમલાબહેન વા/ઓ ખ્યાતીલાલ જોષી (ઉ.વ.૬૨) (રહે. રાજપથ બંગ્લોઝ ઘોડાસર સ્મૃતિ મંદિર રોડ) એ તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૮/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ઈસનપુર લોટસ સ્કુલ નજીકથી રાજપથ બંગ્લોઝ વટવા સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેસેલ વ્યક્તિઓએ કમલાબહેન જોષીની નજર ચૂકવી કમલાબહેન જોષીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.જે.ચારણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૪૩/૨૦૨૫**

કાગડાપીઠઃ ભદ્રેશભાઇ ગણપતભાઇ લોધા (ઉ.વ.૨૭) (રહે. રૂગનાથપુરાની પીઠ રાયપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૮/૨૦૨૫ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ભાડે રાખેલ ઓરડીમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

અમરાઈવાડીઃ નિરૂબહેન જીતેન્દ્રભાઇ સોલંકી (ઉ.વ.૫૩) (રહે. નારાયણનગર જનતાનગરની બાજુમાં મેટ્રો પિલ્લર નંબર–૧૮ ની ગલીમાં અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૨/૦૮/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.ખુમાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી